

Gujarat
Tourism
Khushboo Gujarat Ki
અનંત અનાદિ
વડનગર
એક ઐતિહાસિક શહેર.
એક શાશ્વત વિરાસત.

# અનંત અનાદિ
# વડનગર

## ૨,૫૦૦ વર્ષના જીવંત વારસાની
## અવિરત યાત્રા

ભારતના સૌથી પ્રાચીન અને અવિરત વસવાટ ધરાવતા ઐતિહાસિક નગરોમાં વડનગરનું સ્થાન અદ્વિતીય છે. ૨,૫૦૦ વર્ષથી પણ વધુનો સમૃદ્ધ ઇતિહાસ ધરાવતું આ નગર સાત સાંસ્કૃતિક યુગોનું સાક્ષી રહ્યું છે. વેપાર, શિક્ષણ, કારીગરી, સ્થાપત્ય, સંગીત અને ધર્મના અગ્રણી કેન્દ્ર તરીકે વિકસેલા વડનગરે સમય સાથે પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. ચમત્કારપુર, આનંદપુર અને આનર્તપુર જેવા પૌરાણિક નામોથી ઓળખાતું આ નગર અનેક રાજવંશોના શાસન હેઠળ ઉત્તરોત્તર સમૃદ્ધ બની પશ્ચિમ ભારતનું અગ્રણી સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું.

'ગુજરાતની કાશી' તરીકે જાણીતા વડનગરે બૌદ્ધ, જૈન, શૈવ અને વૈષ્ણવ પરંપરાઓને સમાન ભક્તિભાવથી સંવર્ધિત કરી છે. દૂર-દૂરથી આવતા વેપારીઓ, વિદ્વાનો અને પ્રવાસીઓ માટે પણ આ નગર સદીઓથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. અહીંના પુરાતત્ત્વીય અવશેષો, ભવ્ય સ્મારકો, પવિત્ર જળાશયો અને આજે પણ જીવંત રહેલી સાંસ્કૃતિક પરંપરાઓ પ્રાચીન સમયથી આજ સુધી અવિરત વહેતી વિરાસતની ગાથા કહે છે.

આજે વડનગરની મુલાકાતે આવતા પ્રવાસીઓ પ્રાચીન બૌદ્ધ મઠ, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, શ્રી હાટકેશ્વર મંદિર, તાના-રીરી મેમોરિયલ ગાર્ડન, પરંપરાગત શેરીઓ-મહોલ્લા, ઐતિહાસિક દરવાજાઓ અને આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ સહિત અનેક વારસાસ્થળોની સફર કરી શકે છે. અહીંનું દરેક સ્થળ વડનગરના ગૌરવશાળી ઇતિહાસનો એક અનોખો અધ્યાય ઉજાગર કરે છે.



# શ્રી હાટકેશ્વર મંદિર


શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર વડનગરના સૌથી પવિત્ર અને પૂજનીય ઐતિહાસિક સ્થાનોમાંનું એક છે, જે નાગર બ્રાહ્મણ સમાજના કુળદેવતાનું પવિત્ર ધામ છે. ભગવાન શિવને સમર્પિત આ મંદિર સદીઓથી અખંડ શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર રહ્યું છે.

નાગર સ્થાપત્ય શૈલીમાં નિર્મિત આ મંદિર તેના અત્યંત સુંદર કોતરણીયુક્ત સ્તંભો, કલાત્મક પ્રવેશદ્વારો અને પથ્થરમાં કંડારેલી અદ્ભુત મૂર્તિઓ માટે પ્રસિદ્ધ છે. મંદિરની ભીંતો પર અંકિત દેવી-દેવતાઓ, વનસ્પતિની ભાતો, નર્તકો તથા હિંદુ પૌરાણિક પ્રસંગોની જીવંત કોતરણી ગુજરાતની સમૃદ્ધ કલાત્મક વિરાસતનો ભવ્ય પરિચય કરાવે છે. આજે પણ આ મંદિર વડનગરની આસ્થા, સંસ્કૃતિ અને સ્થાપત્ય વૈભવનું જીવંત પ્રતીક છે.

**પૂજાનો સમય:** સવારે ૮:00 થી બપોરે 3:00

**દર્શન:** સંધ્યા આરતી સુધી

**સાંજનું આકર્ષણ:** લાઈટ એન્ડ સાઉન્ડ શો, ત્યારબાદ દૈનિક સંધ્યા આરતી



## કીર્તિ તોરણ

કીર્તિ તોરણો વડનગરની મુખ્ય ઓળખ અને સોલંકી યુગના સ્થાપત્ય વૈભવનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બારીક કોતરણી ધરાવતા રેતીના પથ્થર (સૅન્ડસ્ટોન)માંથી નિર્મિત અને આશરે ૪૦ ફૂટ ઊંચાઈ ધરાવતા આ જોડિયા તોરણો તેમની અદ્ભુત કારીગરી તથા પથ્થરોને અનોખી રીતે જોડવાની (સ્ટોન-ઇન્ટરલોકિંગ) તકનીક માટે વિશ્વવિખ્યાત છે.

તોરણના શિખર ભાગમાં મધ્યમાં ભગવાન શિવ તથા તેમની બંને બાજુએ ભગવાન ગણેશ અને ભગવાન કાર્તિકેયની પ્રતિમાઓ કંડારવામાં આવી છે, જે તે સમયગાળામાં શૈવ પરંપરાના પ્રભાવની સાક્ષી પૂરે છે. આ સ્મારકની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં પથ્થરોને જોડવા માટે કોઈ ગારા કે ચૂના જેવા સિમેન્ટિંગ મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. ઇન્ટરલોકિંગ પથ્થર તકનીકથી નિર્મિત આ તોરણો પર દેવી-દેવતાઓ, હાથીઓ, કમળની ભાત અને અલંકૃત કોતરણી મધ્યયુગીન ગુજરાતની શિલ્પકળાની શ્રેષ્ઠતા દર્શાવે છે. ગૌરવ અને વિજયનું પ્રતીક એવા આ તોરણો વડનગરની ઓળખ અને સૌથી લોકપ્રિય સ્મારક છે.

**પ્રવેશ:** સૂર્યાસ્ત સુધી અને નિ:શુલ્ક





## તાના-રીરી મેમોરિયલ ગાર્ડન

તાના-રીરી મેમોરિયલ ગાર્ડન ભારતીય શાસ્ત્રીય સંગીતમાં અદ્વિતીય યોગદાન આપનાર વડનગરની અમર સંગીત બેલડી - કન્યા તાના અને રીરીની સ્મૃતિને સમર્પિત છે. પ્રચલિત કથા અનુસાર, બંને બહેનોએ દીપક રાગના તાપથી પીડાતા મહાન સંગીતસમ્રાટ તાનસેનને દાહમુક્ત કરવા માટે શાસ્ત્રીય રાગ મલ્હાર ગાયો હતો.

આમડુ તળાવ નજીક આવેલું આ મનોહર ઉદ્યાન સુશોભિત હરિયાળી વચ્ચે તાના અને રીરીને સમર્પિત બે નાનાં સ્મારક મંદિરો ધરાવે છે. આ સ્થળ વડનગરની સમૃદ્ધ અને અમર સંગીત પરંપરાને એક ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે.

**પ્રવેશ:** સૂર્યાસ્ત સુધી અને બધા મુલાકતીઓ માટે નિ:શુલ્ક

## આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ

આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ વડનગરનું મુખ્ય આકર્ષણ અને ભારતનું સર્વપ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ છે. અઢી હજાર વર્ષથી વધુ લાંબા સાતત્યપૂર્ણ ઇતિહાસને રજૂ કરતું આ મ્યુઝિયમ અત્યાધુનિક ગેલેરીઓ, ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો અને ઉત્ખનનમાં મળેલી પ્રાચીન શોધો દ્વારા વડનગરના વૈભવશાળી ભૂતકાળને જીવંત કરે છે.

ચાર માળમાં વિસ્તરેલું આ મ્યુઝિયમ ઉત્ખનન દરમિયાન મળી આવેલી હજારો પ્રાચીન કલાકૃતિઓ પ્રદર્શિત કરે છે અને સાત સાંસ્કૃતિક તબક્કાઓમાં થયેલા વડનગરના વિકાસની કથા રજૂ કરે છે. મ્યુઝિયમને નજીકના અંબા ઘાટ ઉત્ખનન સ્થળ સાથે જોડતો વિશિષ્ટ 'સ્કાયવૉક' મુલાકાતીઓને તેના મૂળ સ્થળે જ સાચવવામાં આવેલા પુરાતત્વીય અવશેષોને પ્રત્યક્ષ નિહાળવાની અનોખી તક આપે છે.

**સમય:**
સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦
(છેલ્લો પ્રવેશ: સાંજે ૪:૩૦)

**બંધ:**
દર બુધવારે અને જાહેર રજાઓના દિવસે

**પ્રવેશ ફી:**
વયસ્કો: ₹૫૦ | બાળકો (૫ થી ૧૮ વર્ષ) અને સીનિયર સિટીઝન: ₹૧૦ | વિદેશી પ્રવાસીઓ: ₹૩૦૦
૫ વર્ષથી નાના બાળકો: નિ:શુલ્ક

ટિકિટ બુકિંગ માટે QR કોડ સ્કેન કરો





## શર્મિષ્ઠા તળાવ

શર્મિષ્ઠા તળાવ વડનગરનું હૃદય અને નગરનું સૌથી લોકપ્રિય આકર્ષણ છે. ૨.૧ કિલોમીટર લાંબો સુંદર વોકવે ધરાવતા આ ઐતિહાસિક તળાવની ચારેય તરફ કલાત્મક ઘાટ (આરા), 'સતીની ડેરી' તરીકે ઓળખાતું કેન્દ્રીય શ્રદ્ધાસ્થળ અને એક મનોહર ટાપુ આવેલો છે.


પ્રાચીન જળ વ્યવસ્થાપન પ્રણાલીનો ભાગ રહેલું આ તળાવ આજે પણ નગરજનો અને પ્રવાસીઓનું પ્રિય સ્થળ છે. આસપાસ આવેલા **વિશ્વામિત્ર તળાવ, અંબાજી કોઠો તળાવ, વિષ્ણુપરી તળાવ (વિષ્ણુ પાદુકા) અને આમડુ તળાવ નગરના કુદરતી સૌંદર્યમાં વધારો કરે છે.** શિયાળામાં અહીં વિવિધ યાયાવર (પ્રવાસી) પક્ષીઓ આવતા હોવાથી તે પક્ષીપ્રેમીઓ માટે પણ પ્રિય સ્થળ છે. પ્રવાસીઓ તળાવ કિનારે યોજાતી દૈનિક સંધ્યા આરતી અને સાંજના સમયે યોજાતા 'એક્વા સ્ક્રીન પ્રોજેક્શન શો' દ્વારા વડનગરના વારસાને માણી શકે છે.

**પ્રવેશ:** તળાવ પરિસરમાં નિ:શુલ્ક
એક્વા સ્ક્રીન પ્રોજેક્શન શો ટિકિટ: ₹30/-

## પ્રેરણા સંકુલ

વડનગરના ઐતિહાસિક દરબારગઢ વિસ્તારમાં આવેલું પ્રેરણા સંકુલ નગરની શિક્ષણ અને જ્ઞાન પરંપરાનું આદરણીય પ્રતીક છે. આ પરિસરમાં આવેલી ઐતિહાસિક વર્નાક્યુલર સ્કૂલની સ્થાપના ઈ.સ. ૧૮૮૮માં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સંરક્ષણ હેઠળ થઈ હતી.

આ જ શાળામાં ભારતના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેમનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. આજે આ ઐતિહાસિક શાળાને પુનઃવિકસાવી 'પ્રેરણા સંકુલ' તરીકે રાષ્ટ્રીય કક્ષાના અનુભવ-આધારિત શિક્ષણ કેન્દ્ર (Experiential Learning Centre) તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. વારસા અને આધુનિક શિક્ષણનો સુભગ સમન્વય ધરાવતું આ સંકુલ દેશભરના વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે.





## ઐતિહાસિક બજારો અને પરંપરાગત શેરીઓ


વડનગર સદીઓથી વેપાર અને વાણિજ્યનું ધમધમતું કેન્દ્ર રહ્યું છે. બારોટી બજાર, સોની બજાર, ક્લોથ બજાર, મોચી બજાર, ઘીકાંટા બજાર અને કંસારા બજાર જેવા ઐતિહાસિક બજારો આજે પણ તેના વ્યાપારી વારસાની સાક્ષી પૂરે છે. આ ઉપરાંત છીપા ઓળ, મોચી ઓળ અને ગાંધી ઓળ જેવા પરંપરાગત મહોલ્લા વડનગરના કારીગરો અને વેપારી સમાજની આગવી સંસ્કૃતિને આજે પણ જીવંત રાખે છે.

## વડનગરના ઐતિહાસિક દરવાજા

ઐતિહાસિક કાળમાં વડનગર એક વિશાળ કિલ્લેબંધી અને છ ભવ્ય દરવાજાઓથી સુરક્ષિત નગર હતું:

**ઉત્તરમાં:** અર્જુનબારી દરવાજો અને નાડીઓળ દરવાજો

**પશ્ચિમમાં:** અમથોળ દરવાજો




**દક્ષિણમાં:** ઘાસકોળ દરવાજો અને પીઠોરી દરવાજો

**પૂર્વમાં:** અમરથોળ દરવાજો

આ દરવાજાઓમાં અર્જુનબારી દરવાજો વિશેષ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, કારણ કે અહીં પ્રસિદ્ધ 'વડનગર પ્રશસ્તિ શિલાલેખ' આવેલો છે. સોલંકી રાજા કુમારપાળના શાસનકાળ દરમિયાન ઈ.સ. ૧૧૫૨માં કોતરાયેલા આ શિલાલેખમાં કિલ્લેબંધીના નિર્માણનો ઉલ્લેખ છે. જ્યારે ઈ.સ. ૧૭૩૩નો અન્ય એક શિલાલેખ કિલ્લાની દીવાલના સમારકામની માહિતી આપે છે.

## ચબૂતરો

ચબૂતરો એ ગુજરાતની પરંપરા, પ્રકૃતિપ્રેમ અને જીવદયાની ભાવનાનું જીવંત પ્રતીક છે. પક્ષીઓને ચણ અને રક્ષણ મળી રહે તે હેતુથી પથ્થર અથવા લાકડામાંથી બારીક કોતરણી સાથે બનાવવામાં આવતા આ માળખાં આપણી વિશિષ્ટ ઓળખ છે. વડનગરમાં ચોકસી બજાર, પીઠોરી દરવાજા નજીક અને કીર્તિ તોરણ પાસે ઐતિહાસિક ચબૂતરાઓ આજે પણ સુરક્ષિત છે.



## પ્રાચીન બૌદ્ધ મઠ

વડનગરનો પ્રાચીન બૌદ્ધ મઠ ગુજરાતના સૌથી મહત્ત્વપૂર્ણ બૌદ્ધ વિરાસત સ્થળોમાંનો એક છે. ઈ.સ. બીજીથી આઠમી સદી દરમિયાન આ મઠ શિક્ષણ, ધ્યાન અને ધાર્મિક પ્રવૃત્તિઓનું એક મુખ્ય કેન્દ્ર હતો.

ઉત્ખનન દરમિયાન અહીં વિશાળ મધ્યસ્થ આંગણાની આસપાસ ગોઠવાયેલા મઠના અવશેષો, સ્તૂપો અને ભિક્ષુઓના નિવાસ ખંડો મળી આવ્યા છે, જે વડનગર એક સમૃદ્ધ બૌદ્ધ કેન્દ્ર હોવાની પુષ્ટિ કરે છે. આ શોધો પ્રસિદ્ધ ચીની પ્રવાસી યુઆન શ્વાંગ (હ્યુએન ત્સાંગ)ના પ્રવાસ વર્ણનને પણ સમર્થન આપે છે, જેમણે ૭મી સદીમાં વડનગરની મુલાકાત લઈ તેને બૌદ્ધ વિદ્યાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર ગણાવ્યું હતું. આજે આ અવશેષો વડનગરના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની ઝાંખી કરાવે છે.

**પ્રવેશ:** સૂર્યાસ્ત સુધી અને નિ:શુલ્ક




## ક્લૉક ટાવર આર્ટ ગૅલરી


વડનગરના મુખ્ય બજારના મધ્યમાં આવેલા ઐતિહાસિક ક્લૉક ટાવરને ગુજરાત ટૂરિઝમ દ્વારા જીર્ણોદ્ધાર કરીને એક આકર્ષક આર્ટ ગૅલરીમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. વિવિધ પ્રદર્શનો, કલાકૃતિઓ અને ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ દ્વારા આ ગૅલરી વડનગરના સમૃદ્ધ ઇતિહાસ અને સંસ્કૃતિને રજૂ કરે છે.

અહીંનો વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અનુભવ અને ટાવરના ઉપરના માળેથી દેખાતો વડનગરનો અદ્ભુત નજારો મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણ છે.

**સમય:** સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦

**પ્રવેશ ફી:** બાળકો: ₹૨૦ | વયસ્કો: ₹૫૦
વિદેશી પ્રવાસીઓ: ₹૨૦૦





## મ્યુઝિકલ થીમ પાર્ક

વડનગર સંગીત અને નાટ્યકળાની સમૃદ્ધ પરંપરા ધરાવે છે. શર્મિષ્ઠા તળાવના કિનારે વિકસાવવામાં આવેલું આ મ્યુઝિકલ થીમ પાર્ક ભારતીય શાસ્ત્રીય સંગીતના દસ મહત્ત્વપૂર્ણ રાગો - કેદાર, વૃંદાવની, યમન, બહાર, બસંત, પહાડી, દરબારી, દીપક, ભૈરવી અને મલ્હારને સમર્પિત છે. કલાત્મક સ્થાપનો (Artistic Installations) અને સંગીતમય વાતાવરણ દ્વારા આ પાર્ક મુલાકાતીઓને વડનગરના અવિરત સંગીત વારસાની અનુભૂતિ કરાવે છે.

**પ્રવેશ:** સૂર્યાસ્ત સુધી અને બધા મુલાકતીઓ માટે નિ:શુલ્ક

## ચોટાવાળું દેરાસર

મેન બજાર દેરાસર તરીકે પણ ઓળખાતું ચોટાવાળું દેરાસર વડનગરના અગ્રણી જૈન મંદિરોમાંનું એક છે. પ્રથમ જૈન તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદિનાથ)ને સમર્પિત આ મંદિર તેના ભવ્ય સ્થાપત્ય અને આધ્યાત્મિક મહત્ત્વ માટે જાણીતું છે.





## લાતેરી વાવ

વડનગરથી ઉત્તર-પશ્ચિમ દિશામાં આશરે ૨ કિલોમીટર દૂર આવેલી લાતેરી વાવ પરંપરાગત સ્થાપત્ય અને જળસંચય પ્રણાલીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પ્રાચીન ગુજરાતની જળ સંરક્ષણ પદ્ધતિને સમજવા માટે આ વાવ એક મહત્ત્વપૂર્ણ સ્મારક છે.

**પ્રવેશ:** સૂર્યાસ્ત સુધી અને નિ:શુલ્ક

## હાથીવાળું દેરાસર

હાથીવાળું દેરાસર વડનગરનું અત્યંત મહત્ત્વપૂર્ણ જૈન તીર્થસ્થળ છે. ભગવાન મહાવીરને સમર્પિત આ મંદિર તેની અદ્ભુત શિલ્પકલા અને સ્થાપત્યમાં કંડારેલી હાથીની વિશિષ્ટ પ્રતિમાઓ માટે પ્રસિદ્ધ છે. મંદિરના રંગમંડપમાં આવેલો ભવ્ય પથ્થરનો હાથી તેની કલાત્મક સુંદરતામાં વધારો કરે છે.



## અન્ય આકર્ષણો

- ગૌરી કુંડ / અજપાલ કુંડ
- ઝણઝણીયો કૂવો
- પશ્ચિમ મહેતાની વાવ
- શીતળા માતા મંદિર
- અંબાજી કોઠો તળાવ
- સપ્ત-ઋષિ આરો (વિશ્વામિત્ર તળાવ)
- સોમનાથ મહાદેવ મંદિર

## કેવી રીતે પહોંચવું

અમદાવાદથી રસ્તા માર્ગે ૧૧૧ કિમી

સુરતથી રસ્તા માર્ગે ૩૬૧ કિમી

રાજકોટથી રસ્તા માર્ગે ૨૮૫ કિમી

નજીકનું એરપોર્ટ અમદાવાદ





Gujarat Tourism

ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૬, ૪થો માળ, સેક્ટર-૧૧,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦

ટોલ ફ્રી નંબર: ૧૮૦૦ ૨૦૩ ૧૧૧૧
www.gujarattourism.com


વધુ માહિતી મેળવવા માટે QR કોડ સ્કેન કરો